# બનાસ ડેરીની ચૂંટણી કરાવવા પરથીભાઈ ભટોળ સરકારની સામે પડ્યા

પાલનપુર, તા. ૨૧

એશીયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી અને બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન ધી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસ ડેરી)ના સંચાલક મંડળની મુદત ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થવા પામી છે. જ્યારે બનાસ ડેરીના વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળ અને તેમના મળતીયાઓ દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરતા ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ થઈ હતી. જે અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચેરમેન પરથીભાઈ ભટોળ આણી મંડળી દ્વારા આચરવામાં આવેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની તપાસ જિલ્લા રજીસ્ટારને સોંપી છે. જેથી તપાસ તટસ્થ રીતે થાય અને હાલમાં બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટી અને અનામત આંદોલનના કારણે સંપૂર્ણ જનજીવન થાળે પડ્યું ન હોવાથી ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તેવી માંગ બનાસ ડેરી બચાવો સમિતિ દ્વારા કરવામાં



આવી રહી છે. આથી બનાસકાંઠા જિલ્લાના પશુ પાલકોની પરસેવાની કમાણી પર તાગડધીન્ના કરનાર બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા જો વહીવટદાર આવે તો પોતાનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જાય તેવા ડરથી જાહેરનામું બહાર પાડી તાત્કાલીક ચૂંટણી યોજવા પશુ પાલકોની હિત રક્ષકસમિતિ ઉભી કરી સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ સરકાર આ બાબતે ટસની મસ ન થતાં હવે, પરથીભાઈના પગ નીચેથી જમીન ખસવા લાગી છે. પરથીભાઈ ગમે તેમ કરીને ચૂંટણી યોજવા અધીરા બન્યા છે અને તેમના મળતીયાઓ દ્વારા રચાયેલી પશુ પાલક હિત રક્ષક સમિતિ દ્વારા દૂધ મંડળીઓ બંધ કરી દેવાની ચીમકી આપી સરકારને બાનમાં લેવાની ધમકી આપી છે. ત્યારે પરથીભાઈ પણ પોતાનો ભ્રષ્ટાચાર ખુલ્લો ન પડે તે માટે તાત્કાલિક ચૂંટણી યોજવા સરકારની વિરૂદ્ધ જઈ શનિવારે ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી હતી.

# અરવલ્લીમાં ઝરમર વરસાદ : ૨૪ કલાકમાં ૪૦ મીમી મેઘમહેર

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ચાર દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. પરંતુ શુક્રવાર રાત્રી પછી મેઘરાજાએ મનમુકીને વરસવાના બદલે ઝરમર ઝરમર મેઘમહેર યથાવત રહેતા જિલ્લાના પ્રજાજનો મેહુલીયાને મનમુકીને વરસે તેવી સોયાબીન અને કઠોળ સહિતના અન્ય પાકોને આંશિક ફાયદારૂપ છે. જિલ્લામાં ધીમે ધારે પડી રહેલા વરસાદના લીધે જિલ્લાના ગામડાઓમાં અને નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર કાદવ-કિચડનો ઉપદ્રવ થતાં લોકો મચ્છરોના ત્રાસથી બિમારીમાં સપડાઈ રહ્યા છે. જિલ્લામાં રવિવાર અને સોમવારે



જિલ્લાના ખેડૂતો અને ભુમિપૂત્રો વિનવણી કરી રહ્યા છે. ઝરમર વરસાદથી મોડાસા શહેરના માર્ગો અને સોસાયટી વિસ્તારોમાં પાણીના ખાબોચીયા ભરાઈ રહેતા રોગચાળો ફાટી નિકળવાની આશંકાએ પ્રજાજનો દ્વારા ખાબોચીયા ભરાયેલી જગ્યાએ અને સોસાયટી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**મોડાસા શહેરના માર્ગો પર ઠેર ઠેર ખાબોચીયા ભરાતા રોગચાળો વકરવાની ભીતી**

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિત ૮ તાલુકાઓમાં શુક્રવાર બપોર બાદ શરૂ થયેલા મેઘરાજાએ મેઘમહેર યથાવત રહી છે. શુક્રવારે સાંજના ધોધમાર વરસાદ વરસ્યા બાદ જિલ્લામાં ધીમીધારે અને ઝરમર વરસાદ વરસતાં ભૂમિપુત્રો મેહુલીયો મનમુકીને વરસે તેવો આશાવાદ સેવી રહ્યા છે. આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાયા હતા. પડી રહેલા સામાન્ય અને ઝરમર વરસાદથી જિલ્લાની કોઈ નદીઓમાં નવા નીર નથ આવ્યા. ઝરમર વરસાદથી ડાંગર, કપાસ, એરંડા, વરસાદી વાતાવરણ અને વાદળછાયા વાતાવરણ બની રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં ચોવીસ કલાકમાં ૪૦ મી.મી. મેઘમહેર થઈ હતી. જેમાં સૌથી વધારે ૧૧ મી.મી. ધનસુરા અને સૌથી ઓછો મોડાસામાં ૩ મી.મી. નોંધાયો હતો.

મોડાસા શહેરમાં રવિવાર અને સોમવારે વાદળછાયુ વાતાવરણની સાથે ઝરમર વરસાદથી શહેરની સોસાયટી વિસ્તાર અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના ઠેર ઠેર ખાબોચીયા ભરાઈ રહેતા શહેરીજનોના આરોગ્ય સામે ખતરો ઉભો થતાં નગરજનોમાં રોગમાં સપડાઈ જવાનો ભય પેદા થયો છે. શહેરીજનોએ નગરપાલિકા ટીમ અને આરોગ્ય વિભાગ દ્વારા પાણીથી ભરાયેલા ખાબોચીયામાં દવાઓનો છંટકાવ કરવાની સાથે મચ્છરોના નાશ કરવા યોગ્ય કાર્યવાહી કરવા ઉગ્ર માંગ ઉઠી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

# મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા ગણપતિ દાદાની ભવ્ય શોભાયાત્રા



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## વિશ્વેશ્વર બનાસ નદીમાં ગણપતિદાદાની પૂજા કરી મૂર્તિને પાણીમાં વિસર્જન કરી

ધાનેરા, તા. ૨૧

બનાસકાંઠાના ધાનેરા મધુસુદન માર્કેટના વેપારી ભાઈઓ દ્વારા ગણપતિ દાદાની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી અને તે બાદ વિશ્વેસ્વર બનાસ નદીમાં ગણપતિ દાદાની પૂજા કરી મૂર્તિને પાણીમાં પધરાવવામાં આવી હતી. રાજ્યમાં ગણપતિ મહોત્સવની ધામધૂમથી ઉજવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મધુસુદન માર્કેટના વેપારી ભાઈઓ દ્વારા પણ ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મધુસુદન માર્કેટમાં ગણપતિદાદાની સ્થાપના કરવામાં આવી હતી અને ચાર દિવસ સુધી તેમની પૂજા અર્ચના સાથે-સાથે ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને તે બાદ આજે સવારે ધાનેરા મધુસુદન માર્કેટથી ધાનેરાના જાહેર રસ્તા પર ગણપતિદાદાની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મધુસુદન માર્કેટ ધાનેરાના વેપારી સહીત ધાનેરાની ધર્મપ્રેમી જનતા પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. ધાનેરા-ડીસા હાઈવે પર આવેલા બાબા રામદેવ પીરના મંદિરે તમામ લોકોએ પ્રસાદ લઈ મોટી સંખ્યામાં લોકો ગણપતિની વિસર્જન માટે વિશ્વેશ્વર ગયા હતા અને ત્યાં જઈ ગણપતિદાદાની પૂજા કરી મૂર્તિને પાણીમાં વિસર્જન કરી હતી.

# હિંમતનગરની મોબાઈલ શોપમાંથી તસ્કરો ૨૬ મોબાઈલ ચોરી ગયા

હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાં આવેલી એક મોબાઈલ શોપમાંથી તસ્કરોએ શનિવારની મોડી રાત દરમિયાન શટરના તાળા તોડી દુકાનમાંથી સેમસંગ, જીયો, પેનાસોનિક સહિતની વિવિધ કંપનીઓના રૂ. ૧.૮૨ લાખથી વધુની મત્તાના ૨૬ નંગ જેટલા મોબાઈલ ચોરીનો મામલો રવિવારે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ઘરફોડ ચોરીઓ સાથે વાહનચોરીઓની ઘટના વધતી જતી હોવા છતાં શહેર પોલીસતંત્ર આવી ચોરીઓની ઘટનાઓને રોકાવામાં સરેઆમ નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે.

મોબાઈલ શોપમાં થયેલી ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારની મેમણ કોલોનીમાં રહેતા ઇરફાનભાઈ ફ્જલભાઈ મેમણની શાનુ મોબાઈલ શોપ નામે દુકાન હાજીપુરામાં ડો. સિકંદરના દવાખાના નીચે આવેલી છે. વેપારી શનિવારે રાત્રે આઠેક વાગે દુકાન બંધ કરી ઘરે ગયા બાદ સવારે પોતાની દુકાનના તાળા તુટ્યાની જાણ થઈ હતી. જેમાં કોઈ તસ્કરે દુકાનના શટરના તાળા તોડી અંદર પ્રવેશી દુકાનમાંથી અલગ અલગ કંપનીના ૨૬ મોબાઈલ રૂ. ૧.૮૨,૦૧૮ની મત્તાના ચોરી ભાગી છુટ્યા હતા. મોબાઈલ શોપના માલિક ઈરફાનભાઈ મેમણે જણાવ્યું હતું કે તેમની દુકાનમાં સેમસંગ, જીયો, પેનાસોનિક કંપની સહિતના મોબાઈલો દુકાનમાં વેચવા માટે રાખ્યા હતા. વેપારીને પોતાની દુકાનમાં થયેલી ચોરીની ઘટના અંગે રવિવારે સવારે જાણ થતાં તેમણે આ અંગે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. વેપારીએ ચોરીની ઘટના અંગે બી-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો હતો.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં ભાદરવી પૂનમના લોકમેળાની તડામાર તૈયારીઓ

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામાં મા અંબાજીના સાનિધ્યમાં ભાદરવા સુદ પૂનમનો વિખ્યાત મેળો ભરાય છે. ભાદરવી પૂનમે ભરાતો પરંપરાગત મેળો આ વર્ષે પણ ઉલ્લાસભેર ભરાશે. મેળામાં લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડશે જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ તથા વહીવટી તંત્ર દ્વારા ભાદરવી પૂનમના મેળા માટે તડામાર તૈયારીઓનો આરંભ કરાયો છે. મેળાના સ્થળે પ્લોટની હરાજીનું કામ પૂર્ણ કરી દેવાયું છે. વહીવટીતંત્ર યાત્રીકોને વધુ સુવિધાસભર સવલતો પ્રાપ્ત થાય તે હેતુથી કામે લાગી ગયું છે. અંબાજી, જુનાગઢ, ડાકોર, તરણેતર, બહુચરાજી તથા શામળાજીમાં ભરાતા મેળાનું ધાર્મિક મહત્વ છે. તેમ ખેડબ્રહ્માના મા અંબાના ભાદરવી પૂનમના મેળાનું મહત્વ છે. આ મેળો ભાદરવા સુદ બારસથી પૂનમ સુધી ભરાય છે. મેળો માણવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. લોકોમાં ભગવતીના દર્શન કરી ધન્યતા અનુભવશે.

## દલપુર પાસે વાહને ટક્કર મારતા અજાણ્યા યુવાનનું મોત

હિંમતનગર, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના દલપુર સ્ટેન્ડ પાસેથી પસાર થતા એક અજાણ્યા વાહને યુવાનને ટક્કર મારતા તેનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે પ્રાંતિજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે દલપુરના ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ સોલંકીના જણાવ્યા અનુસાર સોમવારે વહેલી સવારે એક પાંત્રીસ વર્ષના યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારતા તેના શરીરના ફૂરચા ઉડી ગયા હતા. ત્યારબાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરાતાં પોલીસ મૃતદેહને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી અપાયો હતો. ત્યારબાદ તેની ઓળખવિધિ શરૂ કરાઈ હોવાનું પોલીસ દ્વારા જણાવાયું હતું.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)





## મોડાસામાં ગણેશજીને છપ્પનભોગ ધરાવાયા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગણપતિજીનો મહિમા ગણેશ સ્થાપનાથી લઈ અને ગણેશ વિસર્જન સુધી આયોજકો દ્વારા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરાય છે. જેના ભાગરૂપે રામપાર્ક સોસાયટીના ગણેશજીને છપ્પન ભોગ લગાવવામાં આવ્યા હતા અને સાઈ મિત્ર ગણેશજીને ડાયમંડથી સુશોભીત કરવામાં આવ્યા હતા. મોડાસા શહેરમાં આવેલ ગણપતિજીના આયોજકો દ્વારા દર્શનાર્થીને આકર્ષવા માટે અવનવી પદ્ધતિઓ વાપરવામાં આવે છે. ત્યારે રામપાર્ક સોસાયટીમાં આવેલ ગણેશજીને છપ્પનભોગનો પ્રસાદ લગાવવામાં આવ્યો હતો અને દર્શને આવેલ ભક્તોને અવનવી ઝાંખીઓ જેવી કે ઘાસની ઝૂપડીમાં ગણપતિનો વાસ અને જળમાં શેષનાગ, દોડતા ઘોડા બનાવવામાં આવ્યા હતા. જ્યારે સાઈ મિત્ર મંડળ દ્વારા ગણપતીને ડાયમંડથી સુશોભીત કરાયા હતા અને ગબ્બર ઉપર ગણેશજીનો વાસ, કૈલાશપર્વત ગણેશ હિંચકે જુલતા ગણેશ જેવી અવનવી ઝાંખીઓએ ભક્તોના દિલ જીતી લીધા હતા. તો બીજી તરફ નાના બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ડાન્સ કોમ્પીટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મહેસાણામાં પાટીદારોએ ચક્કાજામ કરતા વાહનચાલકો પરેશાન

મહેસાણા, તા. ૨૧

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં મહેસાણા જિલ્લાના મહેસાણા, વિસનગર, ઊંઝા શહેરમાં મહિલાઓએ યુવાનોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા અને કેટલીક જગ્યાએ ચક્કાજામ કર્યો હતો. આ બાબતે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દરમિયાન મહેસાણા શહેરમાં મોઢેરા ચાર રસ્તા અને રાધપુર ચાર રસ્તા પર ઉતરી આવેલા મહિલાઓ અને યુવાનોના ટોળાએ હાઈવે પર ટ્રાફિકને અડચણ થાય તેવી હરકત કરતાં તોફાની ટોળા અને પોલીસ વચ્ચે ચકમક ઝરી હતી. બાદ પોલીસે કડકાઈ દાખવીને ટોળાને વિખેરી નાંખ્યું હતું. આ સંદર્ભે પોલીસે હૂલ્લડ, લૂંટ, પોલીસની કાર્યવાહીમાં અડચણ ઉભી કરવાના મામલે બે જુદા જુદા ગુનાઓ દાખલ કરી દસ મહિલાઓ સહિત કુલ ૩૬ આરોપીઓની ધરપકડ કરી જયુ. ફ.ફ. મેજીની કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં આ ગુનો સેશન્સ કોર્ટના અધિકારીઓને નામદાર અદાલતે પકડાયેલ દશ જેટલી પાટીદાર મહિલાઓની જામીન અરજી ના મંજૂર કરી સબજેલમાં મોકલી આપવાનો હૂકમ કર્યો હતો.

બીજું ઊંઝા શહેરમાં ગત શનિવારે સાંજના સમયે હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં અંદાજે ૨૫ જેટલા બાઈક સવારોનું ટોળુ બજારમાં ધસી આવ્યું હતું અને ગેરકાયદેસર મંડળી બનાવીને બળજબરીપૂર્વક દુકાનો બંધ કરાવી દીધી હતી. આ અંગે પોલીસે કાયદેસર ગુનો નોંધી સી.સી.ટી.વી. ફૂટેજના આધારે આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

પાટીદાર અનામત આંદોલન દિવસે દિવસે વેગ પકડી રહ્યું છે. જ્યારે હવે બીજી તરફ ઓબીસી વર્ગ પણ અનામત બચાવવા મેદાને પડ્યા છે. ત્યારે જિલ્લાન્માં અજંપાભરી સ્થિતિને લઈને લોકોમાં વર્ગ વિગ્રહની દહેશત ઉભી થઈ છે.

# ખેડબ્રહ્મામાં મેડીકલ કેમ્પનું ઉદ્ઘાટન થયું

ખેડબ્રહ્માના યુવા ગૃપ દ્વારા છેલ્લા દસ વર્ષથી પદયાત્રીઓ માટે સેવા કેમ્પ ચલાવવામાં આવે છે. આ કેમ્પમાં પદયાત્રીઓને મેડીકલ, ચા-નાસ્તો, ગ્લુકોઝની સેવા આપવામાં આવે છે. આ વર્ષે યુવા ગૃપ અને આસ્થા ગૃપ દ્વારા કેમ્પ શરૂ કરતા કેમ્પનું ઉદ્ઘાટન સાબરકાંઠા જિલ્લા ડી.ડી.ઓ. એમ. નાગરાજનના હસ્તે કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા મામલતદાર વી.બી. મકવાણા, પી. એસ. આઈ. ગામેતી, ચીફ ઓફીસર ડી.એલ. ભાટીયા અને યુવા ગૃપ અને આસ્થા ગૃપના વોલેન્ટીયર્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મોડાસા ધી બ્રહ્મર્ષિ કો.ઓ. ક્રેડિટ સો.લી.ની ચૂંટણીમાં સમાજની પેનલનો દબદબાભર્યો વિજય

સમગ્ર ગુજરાતમાં બ્રહ્મસમાજની અગ્રેસર નાણાંકીય સંસ્થા ધી. બ્રહ્મર્ષિ કો.ઓ. ક્રેડિટ સો.લિ.ની પાંચ ડિરેક્ટરની મુદત પુરી થતાં યોજાયેલી ચૂંટણીમાં ૫ ડિરેક્ટરના પદ માટે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ધી બ્રહ્મર્ષિ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ના ૫ ડિરેક્ટરની સહકારી માળખા અને મંડળીના કાયદાકીય રીતે મુદત પૂર્ણ થતાં ખાલી પડેલી ૫ અને સગાસંબંધી દ્વારા પરિવારની પેનલ બનાવી ઉમેદવારી નોંધાવતા ચૂંટણીના મુદ્દાને લઈને શહેર અને સમાજમાં ચર્ચાનો વિષય બની હતી. બ્રહ્મસમાજના અગ્રણીઓ દ્વારા ચૂંટણી



સમાજના આગેવાનો દ્વારા સમાજની પેનલના પાંચ સભ્યો સામે એક જ પરિવારની પેનલ ઉભી કરાઈ હતી. જેમાં સમાજની પેનલનો ભવ્ય વિજય થતાં બ્રહ્મસમાજ અને શહેરીજનોએ સમાજની પેનલના વિજયને વધાવી લીધો હતો અને આનંદ છવાયો હતો.

અરવલ્લી જિલ્લાના વડામથક જગ્યાઓ માટે બ્રહ્મસમાજના આગેવાનો દ્વારા સામાજીક કાર્યકર નિલેષભાઈ જોષી, હસમુખ પંડ્યા, હસમુખલાલ ઉપાધ્યાય, જીતેન્દ્રકુમાર પંડ્યા, કનુભાઈ ઉપાધ્યાય (એડવોકેટ)ના નામની સમાજ પેનલ બનાવી ઘોષણા થતાં ગત ચૂંટણીમાં હારેલા ઉમેદવાર દ્વારા તેના પરિવાર ના યોજાય અને બ્રહ્મસમાજની એકતા બની રહે તે માટે સમાધાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને સમાધાન ન થતાં બ્રહ્મ ચૂંટણીના ડણકા વાગ્યા હતા. જેમાં બન્ને પેનલ દ્વારા એડીચોટીનું જોર લગાવી પ્રચારનો ધમધમાટ શરૂ કરી મતદારોનો ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરી દિધો હતો. રવિવારે મોડાસા ચાર રસ્તા ગુજરાતી પ્રાથમિક શાળા નં.-૧માં યોજાયેલી ચૂંટણીમાં વરસાદી માહોલમાં મતદારો ઉત્સાહભેર મતદાન કરવા ઉમટી પડ્યા હતા. મતદાનના અંતે રવિવારે રાત્રએ ૮ વાગ્યાના સુમારે ચૂંટણી અધિકારી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં મતગણતરી હાથ ધરાતાં શરૂઆતથી જ સમાજની પેનલની વિજયના બ્યુગલ વાગતા પરિવારની પેનલમાં સોંપો પડી ગયો હતો. મત ગણતરીના અંતે રાત્રે ૧ વાગે જાહેર થયેલા પરિણામોમાં સમાજના અગ્રણી નિલેષ જોષી અને તેમની ટીમનો દબદબાભર્યો વિજય થતાં બ્રહ્મસમાજમાં અને નગરજનોમાં આનંદ છવાયો હતો. સમાજની પેનલના પ્રભારી કેતન ત્રિવેદી, ઉપેન્દ્રભાઈ જોષી, હિતેન્દ્રભાઈ જોષી, અશોકભાઈ ત્રિવેદી, ચિરાગ પંડ્યા અને અશોકભાઈ જોષીએ મતદારોનો આભાર માની સમાજની પેનલ દ્વારા ધી બ્રહ્મર્ષિ કો. ઓ. ક્રેડિટ સો.લિ.નો વહિવટ પારદર્શક અને પ્રગતિ કરશે અને શહેરના ઉચ્ચ સ્થાન નાણાંકીય સંસ્થાઓમાં મેળવવા સફળ પ્રયત્નો કરવામાં આવશે.

(તસવીર : જય અમીન, મોડાસા)